પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

ઓગષ્ટ 25, 2015

## ભારતીય રિઝર્વ બેંક દ્વારા લાતૂર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ., લાતૂર ઉપર લાદવામાં આવેલો નાણાંકીય દંડ

ભારતીય રિઝર્વ બેંકે, બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949 (સહકારી મંડળીઓ ને લાગુ પડતો હોય તે મુજબ) ની કલમ 46 (4) ની સાથે કલમ 47એ (1) (બી) વાંચતા તેમાંની જોગવાઈઓ અંતર્ગત પ્રાપ્ત થતી સત્તાની રૂએ, લાતૂર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ., લાતૂર ઉપર, આપના ગ્રાહકને ઓળખો (કેવાયસી) ને લગતા ધોરણો તેમજ ભારતીય રિઝર્વ બેંક દ્વારા જારી કરવામાં આવેલા અનુદેશોનું ઉલ્લંઘન કરવા બદલ રૂા. 5.00 લાખ(રૂપિયા પાંચ લાખ પૂરા) નો નાણાકીય દંડ લાદ્યો છે.

ભારતીય રિઝર્વ બેંકે આ બેંકને કારણદર્શક નોટિસ (Show Cause Notice) પણ જારી કરી હતી જેના સંબંધમાં બેંકે લેખિત ઉત્તર પાઠવ્યો હતો. કિસ્સાની હકીકતો તેમજ બેંકના જવાબ ઉપર વિચાર કર્યા બાદ ભારતીય રિઝર્વ બેંક એ નિષ્કર્ષ પર પહોંચી કે બેંકે કરેલા ઉલ્લંઘનો સાબિત થયા છે અને નાણાંકીય દંડ કરવો આવશ્યક છે.

**પ્રેસ પ્રકાશન : 2015-2016/490**

**સંગીતા દાસ**
**નિર્દેશક**